## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




અલ્યા એ સમજાતું નથી... કેમેરામાં આપણે પહેરેલો બે ઈંચનો બેલ્ટ આ લોકો જોઈ જાય છે અને... ઓવરલોડેડ ટ્રક દેખાતો નથી...!!

# ગાંધીનગરના ત્રણ યુવાનો સનદી સેવામાં સફળ

## મમતા આઈએએસ સેન્ટરમાં તૈયારી કરતા ત્રણેય યુવાનોએ યુપીએસસીમાં પસંદગી પામી રાજ્યનું ગૌરવ વધાર્યુ છે

ગાંધીનગર, તા. ૩૦

દેશની સૌથી અઘરી ગણાતી સનદી સેવા માટેની પરીક્ષાનું તાજેતરમાં યુપીએસસી દ્વારા ૯૯૦ સફળ ઉમેદવારોનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર સ્થિત મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના ૩ યુવાનોએ સફળ થઈ ડંકો વગાડી દિધો છે. ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરી યુવાનોએ સંસ્થા સહિત રાજ્યભરનું સન્માન અને ગૌરવ વધાર્યુ છે. આ ઉપરાંત રાજ્યભરમાંથી કુલ ૨૦ નવયુવાનોએ પણ જવલંત સફળતા પ્રાપ્ત કરી છે. પરિણામ જાહેર થતા જ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તુરંત જ પરિણામથી ખુશ થઈ તમામ સફળ યુવાનોને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

સંઘ લોક સેવા આયોગ (યુપીએસસી) દ્વારા તાજેતરમાં લેવાયેલી ૨૦૧૭ની સુપર ક્લાસ-૧ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ભારત ભરમાં ૯૯૦ ઉમેદવારોને સફળ જાહેર કરવામાં આવ્યા હતા. ગાંધીનગર કડી સર્વ વિદ્યાલય સંચાલિત મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના કુલ ૧૩ વિદ્યાર્થીઓએ મુખ્ય પરીક્ષા આપી હતી. જેમાં તાજેતરમાં ત્રણ યુવાનો સફળ થયા હતા.



મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરમાં છેલ્લા ૩ વર્ષથી મોહિત બંસીધર પંચાલ નામનો યુવાન પિતાની પ્રેરણાથી તનતોડ મહેનત કરતો હતો. મોહિત પોતે ગુજરાત ગુજરાત યુનિવર્સિટીમાં બીઈ થયેલો છે. મોહિતે સતત અને સખત મહેનતના અંતે પાંચમી ટ્રાઈએ આ સફળતા પ્રાપ્ત કરી છે. મોહિતે પોતાની આ સફળતાનો તમામ શ્રેય મમતા સેન્ટરના પ્રોફેસરો અને પરિવારને આપે છે.

મોહિત પંચાલ સાથે તૈયારી કરતા દેવેન કેશવાલા પણ યુપીએસસીમાં સફળ થયા છે.



મૂળ પોરબંદરના નિવાસી દેવેન કેશવાલે બીકોમ કરી પોતાનો પાઉચ પેકીંગનો નાના પાયે ધંધો શરૂ કર્યો હતો. પરંતુ ધંધામાં એટલો બધો રસ ન રહ્યો અને યુપીએસસીની પરીક્ષા માટે જ જંપલાવી તનતોડ મહેનત ગાંધીનગરમાં આવી શરૂ કરી દીધી હતી. અઢી વર્ષની ગાંડી મહેનત આખરે રંગ લાવી ને તેઓ આ વર્ષે યુપીએસસીની પરીક્ષામાં સફળ બન્યા છે, ઉપરાંત આ જ સંસ્થામાં ભણી ભાવનગરના ૨૬ વર્ષીય રિયાઝ સરવૈયા પણ યુપીએસસીમાં સફળ બન્યા છે.

ભાવનગરના પોલીસ કોન્સ્ટેબલ રફીકભાઈ સરવૈયાના પુત્ર એવા રીયાઝ સરવૈયાએ અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાંથી બીઈ. ઈલેક્ટ્રોનીકમાં અભ્યાસ કર્યો હતો. કોલેજ દરમિયાન જ કોલેજના સિનિયરની પ્રેરણા મળતા જ રીયાઝ યુપીએસસીની તૈયારીઓ ૪ વર્ષ અગાઉ શરૂ કરી હતી. ચાલુ વર્ષે



લેવાયેલી આ પરીક્ષામાં રીયાઝ સફળ થયો હતો. સફળ ઉમેદવારોની આ સિદ્ધિને લઈ કડી કેમ્પસના ચેરમેન સરદારભાઈ પટેલ અને મમતા સેન્ટરના ડાયરેક્ટર સચિન સોની સહિત સંસ્થા પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

## સત્યાગ્રહ છાવણી ખાતે બુધવારે બહુજન સમાજ પાર્ટી દ્વારા જમીન અધિકાર હેઠળ ધરણા યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગરીબ અને ઘર વિહોણા નાગરીકોના પ્લોટ-સ્મશાનની જમીનો સરકારે જમીન વિહોણા નાગરીકોને આપીને જે કોઈ કારણોસર પરત લઈ જમીન શ્રી સરકાર થઈ ગઈ છે. આ તમામ પ્રશ્નોને લઈને બહુજન સમાજ પાર્ટી દ્વારા તા.૨ મે બુધવારના રોજ સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૧ થી ૨ કલાક દરમિયાન પ્રતિક ધરણાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લાના બહુજન સમાજ પાર્ટીના કાર્યકરો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહેશે.

બહુજન સમાજ પાર્ટી દ્વારા જમીન અધિકાર ઝુંબેશ સમગ્ર ગુજરાતના ૨૮ જિલ્લા અને ૯૦ થી વધુ તાલુકા કચેરીએ યોજાશે. દેશમાં અને ગુજરાતમાં જે રીતે ઉદ્યોગો સ્થાપવા જે રીતે જમીનો સંપાદન થઈ રહી છે. સરકાર મુડીપતિઓના ફાયદા માટે જમીનો આપે છે.પરંતુ ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારા ૧૯૬૦ અંતર્ગત અનુસુચિત જાતિ અને જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે જમીનોની ફાળવણી કરતી નથી.જે જમીનો ફાળવેલ છે તે જમીનો પર સત્તાધારી નાગરીકોએ દબાણ કરી લીધુ છે. ત્યારે જમીન અને ઘર વિહોણા નાગરીકોના પડતર પ્રશ્નો માટે બહુજન સમાજ પાર્ટી દ્વારા શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે તા.૨ મે બુધવારના રોજ એક દિવસીય ધરણાનું આયોજન કરવામાં આવ્યું છે અને ગાંધીનગર મામલતદારને આ અંગે આવેદન પત્ર આપવામાં આવશે તેમ બસપાના કાર્યકર દિપરાજ મહેરાએ જણાવ્યું છે.

## આજથી ગાંધીનગર જિલ્લામાં સુજલામ-સુફલામ જળ અભિયાન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં સુજલામૂ- સુફલામૂ જળ અભિયાન અન્વયે તા. ૧ મે ના રોજ રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીનના હસ્તે સુધડ, બાલવા અને પરબતપુરા ગામે તળાવો ઉંડા કરવાના કામોનો પ્રારંભ કરવામાં આવશે.

જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું છે કે, સુધડ ખાતે સવારના ૮.૩૦ કલાકે અંદાજે રૂ. ૧૦ લાખના ખર્ચે તથા બાલવા ખાતે સવારે ૧૦ કલાકે અંદાજે રૂ. ૫ લાખ ૪૦ હજારના ખર્ચે તથા પરબતપુરા ખાતે સવારના ૧૧.૪૫ કલાકે અંદાજે રૂ. ૩ લાખ ૧૮ હજારના ખર્ચે તળાવો ઉંડા કરવાનો પ્રારંભ કરાશે. જયારે દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણના હસ્તે કડજોદરા ગામે પીપળીયા તળાવ ઉંડુ કરવાના કામનો પ્રારંભ કરાશે. મનરેગા યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં તળાવ, ચેકડેમ ઉંડા કરવાના ૭૯ કામો રૂપિયા ૬૯૮ લાખના ખર્ચે હાથ ધરાશે. જિલ્લામાં ચાર તાલુકામાં ૧૦ જળ અભિયાનના વિકાસ કામોને આઈકોનિક કામો તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તે ઉપરાંત ખારી નદીને પુનઃ જીવીત કરવા નદીકાંઠાના નવ ગામોમાં રૂ. ૨૨૫ લાખના ખર્ચે ૧૮૮ વિકાસકામો હાથ ધરાશે. તળાવોમાં પાણીની આવક વાળા આવરા સાફ કરવા, ચેકડેમોની મારામત, નહેરોની સાફ-સફાઈ સહિતના જળ સંચયના કામો હાથ ધરાશે. આ જળ સંચય અભિયાનમાં જિલ્લાના માર્કેટયાર્ડ, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ અને ઉધોગ ગૃહોના સહયોગથી સુજલામૂ-સુફલામૂ જળ સંચય અભિયાનમાં તળાવો ઉંડા કરવા સહિત ચેકડેમ ડીસીલ્ટીંગ, ચેકડેમ રીપેરીંગ, નહેરોની સાફ-સફાઈ કરવાના આયોજનમાં લોક ભાગીદારી માટે જિલ્લા કલેકટર એસ. કે. લાંગાએ અપીલ કરી છે.



ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે તાજેતરમાં અખિલ ભારતીય પ્રજાપતિ (કુંભકાર-મહાસંઘ), ન્યું દિલ્હી ગુજરાત પ્રદેશ દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સગપણ સેતુ કાર્યક્રમમાં ભારતભરમાંથી ૧૯૫ યુવક અને ૧૪૫ યુવતિઓ ઉપસ્થિત રહી હતી. જયારે જીવનસાથી પસંદગી મેળામાં પ્રજાપતિ સમાજના હોદેદારો, સભ્યો, સહિત મોટીસંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

## આવતીકાલ જિલ્લાના ચારેય તાલુકામાં કિસાન કલ્યાણ મહોત્સવ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત તા. ૨ મે, ૨૦૧૮ના રોજ કિસાન કલ્યાણ મહોત્સવ-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે. તમામ તાલુકામાં ૫૦૦ લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ લાભ આપવામાં આવશે. કિસાન કલ્યાણ મહોત્સવ કાર્યક્રમ સવારના ૮.૩૦ થી સાંજના ૫.૩૦ કલાક દરમ્યાન યોજાશે. તાલુકા અનુસાર કૃષિ પ્રદર્શન સ્ટોલ તથા વિષય તજજ્ઞો દ્વારા ધરતીપુત્રોને જરૂરી કૃષિ સંલગ્ન જ્ઞાન આપવામાં આવશે. ચારેય તાલુકામાં પશુ આરોગ્ય કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રાજયના ખેડૂતોની આવક વર્ષ- ૨૦૨૨ સુધીમાં ડબલ કરવા માટે જાગૃતિ લાવવા અને તે માટે કાર્યનીતિ ઘડવા માટે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખાતાની વિવિધ યોજનાઓની સમજ મળી રહે તેવા ઉમદા આશયથી કિસાન કલ્યાણ મહોત્સવનું આયોજન જિલ્લામાં કરવામાં આવ્યું છે. જેમાં તા.૨ મે ના રોજ ગાંધીનગર તાલુકામાં શ્રી શક્તિ મંદિર-અંબાજી, ગિયોડ, દહેગામ તાલુકામાં મહાદેવ કોલ્ડ સ્ટોરેજ, સાંપા, દહેગામ-રખિયાલ રોડ, કલોલ તાલુકામાં શ્રી આસુદેવ મહાદેવ ટ્રસ્ટ, જામળા અને માણસા તાલુકામાં શ્રી ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ-ફાઉન્ડેશન, ઉમિયા વાડી ખાતે કિસાન કલ્યાણ મહોત્સવ- ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે.

દહેગામ તાલુકાના મહાદેવ કોલ્ડ સ્ટોરેજ, સાંપા ખાતે યોજાનાર કૃષિ કલ્યાણ મહોત્સવમાં રાજયના આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઈ અમીન ઉપસ્થિત રહેશે. કિસાન કલ્યાણ મહોત્સવમાં તાલુકાઓના ધરતીપુત્રોને ઉપસ્થિત રહેવા જિલ્લા કલેકટર એસ.કે. લાંગા, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા અને આત્મા પ્રોજેકટ, ગાંધીનગરના પ્રોજેકટ ડાયરેકટર બી.એમ. પટેલે નિમંત્રણ પાઠવ્યું છે.

## અમદાવાદમાં અનોખો શૈક્ષણિક રેકોર્ડ

અમદાવાદ,તા. ૩૦

શહેરના બોપલ વિસ્તારમાં આવેલી ડીપીએસ સ્કૂલમાં આજે અનોખો શૈક્ષણિક રેકોર્ડ બન્યો હતો. આજે ડીપીએસ, બોપલના બે હજાર બાળકો એકસાથે ગાંધી વિચારની પરીક્ષા આપી હતી. આ સાથે જ ગાંધી વિચાર અંગેની પરીક્ષા યોજનાર બોપલની ડીપીએસ સ્કૂલ ગુજરાતની સૌપ્રથમ શાળા બની છે, તે પણ અનોખો રેકોર્ડ બન્યો છે. એકસાથે બે હજાર બાળકો ગાંધી વિચારની પરીક્ષા આપી રહ્યા હોય તેવી ગુજરાતની સૌપ્રથમ ઘટના બની હતી.

**Banaskantha District Co-op. Milk Producers' Union Ltd.,**
Banas Dairy, PB No: 20, Palanpur: 385 001, Gujarat
**Phone: EPABX (02742) 253881 to 253885**

Sealed Tender are invited for Annual Rate Contract for Transportation of Furnace Oil (FO) from various locations to our plant situated at Palanpur (Gujarat) from experienced and eligible transporters :

| Details of Service | Tender Fees | EMD | Last Date |
|---|---|---|---|
| Transportation of Furnace Oil (FO) | Rs. 1000/- | Rs.50,000/- | 24.05.2018 |

Tender documents containing detailed scope of work and general terms and conditions are available at our website: www.banasdairy.coop. Completed tender, in sealed envelope super-scribed with the appropriate "Tender for Annual Rate Contract for Transportation of FO by due date: 24.05.2018", can be submitted latest by 1:30 PM. on last date as mentioned above. All received bids shall be opened at 3:00 PM. on same day, in presence of present bidders. The undersigned reserves the right to accept or reject any or all tenders without assigning any reason there of and there shall be no dispute on that decision.

**I/C Managing Director**

